ધારાસભ્ય થયો છું તો લોકોના પ્રશ્નોને ગૃહમાં વાચા આપીશ

મારા માટે ભાજપમાં જવું શક્ય નથી, એવી કોઇ વાત પણ નથી : આગામી દિવસોમાં આવનારી ચૂંટણીઓ લડીશું ભાજપના ૧૫ ઉમેદવારો હાર્યા છે : કેશુભાઇ પટેલ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં પરિવર્તન પાર્ટીને માત્ર બે બેઠકો મળી છે પરંતુ અમે ભાજપના ૧૫ ઉમેદવારોને જીતતા અટકાવ્યા છે તેથી ભાજપની બેઠકો ૧૧૫ ઉપર આવીને

અટકી છે, નહીં તો ભાજપને ૧૩૦ થી ૧૩૫ બેઠકો મળવાની હતી તેવો દાવો કરી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇએ કહ્યું હતું કે વોટની પેટર્ન જોતાં અમારી પાર્ટી થર્ડ ફોર્સ તરીકે ઉભરી આવી છે.

શું તમે ભાજપમાં પાછા ફરી રહ્યાં છો તેવા એક સવાલના જવાબમાં પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઇએ કહ્યું હતું કે બધી વાતો સાંભળો ને... ના, હું ભાજપમાં પાછો ફરવાનો નથી. મારી પાર્ટી ભવિષ્યમાં ગુજરાતમાં આવનારા તમામ ઇલેક્શનોમાં ઉમેદવારો ઉભા રાખવા માગે છે.

અમારી પાસે યુવા નેતાઓની કમી જણાઇ છે જેથી સારૂં પર્ફોર્મન્સ આપી શક્યા નથી. પરિવર્તન પાર્ટી એ પટેલોની પાર્ટી નથી, પણ સમાજના તમામ વર્ગની પાર્ટી છે. ગુજરાતમાં અમારી પાર્ટીને ૯,૯૫,૭૪૩ મતો એટલે કે ૩.૬૩ ટકા મતો મળ્યા છે.

શું તમે વિધાનસભા ગૃહમાં જવાના છો તેવા સીધા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે શા માટે નહીં... એમએલએ થયો છું તો વિધાનસભામાં પણ જઈશ અને લોકોના પ્રશ્નો ગૃહમાં રજૂ કરીશ. ખેડૂતો અને સામાન્ય લોકોની યાતનાઓ તેમનો અવાજ બનીને ગૃહમાં રજૂ કરતો રહીશ.

વિધાનસભાની ચૂંટણી પછી હવે પાર્ટીને વિખેરી નાંખવાની અટકળો ઉપર પૂર્ણવિરામ મૂકી દેતાં પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ચૂંટણીઓ પણ લડાશે અને સંગઠનને વધારે મજબૂત પણ કરાશે. નવા લોહીને પાર્ટીમાં સ્થાન અપાશે.

ચૂંટણીમાં સાત શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કર્યાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં સાત શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરી હોવાની ફરિયાદો મળતાં પ્રદેશ સમિતિના હોદ્દેદારો ચોંકી ઊઠ્યા છે.

કોંગ્રેસ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી સપ્તાહમાં પ્રદેશ કક્ષાએ ચૂંટણીનાં લેખાં-જોખાં અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવનાર છે અને તેમાં આ મુદ્દાની પણ સમીક્ષા કરવામાં આવશે.

જયપુરની ચિંતન શિબિર અગાઉ પ્રદેશ કક્ષાએ આ અંગેનો આખો અહેવાલ તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ જે હોદ્દેદારો જવાબદાર ગણાશે તેમની સામે શિસ્તભંગનાં પગલાં લેવામાં આવશે.

પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને સાંખી લેવાશે નહીં તેવા સંકેતો પ્રદેશ સમિતિના સૂત્રોમાંથી સાંપડી રહ્યા છે. આ માટે ચૂંટણી બાદ મળેલી ફરિયાદોનું વિશ્લેષણ હાલ ચાલી રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

ઈન્દ્રોડામાં ૨૭મીએ વ્યસન મુકિતનો સેમિનાર

ગાંધીનગર, તા.૨૩

૨૭મી ડિસેમ્બરના રોજ મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરના ઈન્દ્રોડા ગામમાં વ્યસન મુકિત અંગેના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

વ્યસન મુકતના આ સેમિનારમાં ડૉ. રાજેન્દ્ર આનંદ સહિતના વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહી સંબોધન કરશે. આ સેમિનાર દરમિયાન ગામના ૩૦ વર્ષથી વધુ વય ધરાવતા સૌના બ્લડ સુગર ટેસ્ટ કરી અને ડાયાબીટીસ અંગેના નિદાનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ દિવસે આંગણવાડીમાં વ્યસનમુકિત અંગે એક વિશેષ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે. આ સેમિનારમાં ગાંધીનગર નર્સિંગ કોલેજ ઉપરાંત શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોડાઈ રહી છે.

નોખા નરેન્દ્ર મોદીનો અનોખો પરિવાર

છ કરોડ ગુજરાતીઓને પોતાનો પરિવાર ગણતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સગા ભાઈ-બહેન જાહેર જીવનથી દૂર, હંમેશા લો-પ્રોફાઈલ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૩

રાજકારણમાં વંશવાદ, પરિવારવાદની ખુબ ચર્ચા થાય છે. રાજકારણમાં ઉચ્ચ સ્થાને બિરાજેલા નેતાઓના

સગા સંબંધીઓ તેમનું નામ વટાવી કરોડો-અબજો રૂપિયાની મિલ્કત ઉભી કરતાં પણ અચકાતાં નથી પરંતુ આ બધી જ બાબતોમાં સતત ત્રીજીવાર ચુંટાઈ આવનાર મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી એકદમ નોખા છે. તેઓ પોતે વર્ષોથી એકલા રહે છે અને છ કરોડ ગુજરાતીઓને જ પોતાનો પરિવાર ગણે છે. તેમના સગા પાંચ ભાઈઓ અને એક બહેન છે પરંતુ તેઓ પણ હંમેશાથી લો પ્રોફાઈલ રહ્યા છે અને રાજકારણથી તો ખુબ દુર છે. તેમના સગા ભાઈઓ-બહેનો શું કરે છે, ક્યાં રહે છે તે જાણવું રસપ્રદ બની રહેશે.

છ ભાઈ-બહેનોના મધ્યમ વર્ગીય પરિવારમાં જન્મેલા નરેન્દ્ર મોદી જે ઘરમાં જન્મ્યા ત્યાં પંખો પણ નહોતો. વડનગરમાં તેમના પિતાને અનાજ દળવાની ઘંટી હતી, પાછળથી તેમણે રેલવે સ્ટેશન પર ચાની લારી શરૂ કરી હતી જ્યાં નરેન્દ્ર મોદી પિતાને મદદ કરવા પણ જતાં.

મધ્યમ વર્ગીય પરિવાર હોવા છતાં, ઘરના બધા જ બાળકો સુશિક્ષિત બને તેવો તેમના પિતા અને માતાનો આગ્રહ રહ્યો. મર્યાદિત આવક અને છ બાળકોનો પરિવાર હોવા છતાં તેમના પિતાએ બાળકોને ભણાવવામાં પાછી પાની નથી કરી. નરેન્દ્ર મોદીના પિતા દામોદરદાસ મોદી તો અત્યારે હયાત નથી પરંતુ તેમના માતા હિરાબા હજી હયાત છે. જ્યાં સુધી જાતે કામ થતું હતું ત્યાં સુધી હિરાબા એકલાં જ જૂના ઘરમાં વડનગર રહેતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તેઓ તબિયતના કારણોસર નરેન્દ્રભાઈના સૌથી નાના ભાઈ પંકજભાઈના ઘરે ગાંધીનગરમાં રહે છે. એસ.એસ.સી. બાદ નરેન્દ્ર મોદીએ ઘર છોડી દીધું હતું. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં તેમણે અભ્યાસ પૂર્ણ કર્યો અને સંઘના પ્રચારક તરીકે ફુલટાઈમ કાર્ય શરૂ કર્યું.

તેમના મોટાભાઈ સોમાભાઈ દામોદરદાસ મોદી આરોગ્ય વિભાગમાં નોકરી કરતાં હતા અને અત્યારે નિવૃત્તિ બાદ વડનગરમાં એક વૃધ્ધાશ્રમ ચલાવે છે અને સમાજસેવાનું કામ કરે છે. બીજા નંબરના ભાઈ અમૃતભાઈ દામોદારદાસ મોદી અત્યારે લેથ મશીન ઓપરેટર તરીકે ફરજ બજાવે છે અને અમદાવાદ રહે છે. નરેન્દ્ર મોદીના ત્રીજા નંબરના ભાઈ પ્રહલાદભાઈ અત્યારે અમદાવાદમાં રેશનીંગ એસોસીએશનના પ્રમુખ છે. જ્યારે સૌથી નાના ભાઈ પંકજભાઈ મોદી હાલમાં માહિતી ખાતામાં નોકરી કરે છે અને ગાંધીનગરમાં સરકારી ક્વાર્ટરમાં રહે છે. પાંચ ભાઈઓ વચ્ચે એક બહેન છે. તેમનું નામ વસંતીબેન છે અને હાલમાં નિવૃત્ત એલઆઈસી ઓફિસર પતિ હસમુખભાઈ મોદી સાથે વિસનગરમાં રહે છે. નરેન્દ્ર મોદીના ભાઈઓ-બહનો ખુબ લો-પ્રોફાઈલ છે અને ભાગ્યે જ જાહેરમાં દેખાય છે.

રાષ્ટ્રસંત પૂ. તરૂણસાગર મહારાજનું જાહેર પ્રવચન રવિવારે સેક્ટર-૨૧ ખાતે યોજાયું હતું. મોટી સંખ્યામાં ભાવિકોએ તેનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

દશેલા ગામના પશુધનમાં વિચિત્ર વાઈરલના ૧૨ કેસો નોંધાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના દશેલા ગામના પશુધનમાં એક વિચિત્ર પ્રકારના વાઈરલના કેસો નોંધાયા છે જેમાં છેલ્લા ત્રણ દિવસમાં ૧૨થી પણ વધુ પશુઓના મોત નીપજયા છે.

દશેલાના પશુધનમાં દેખાયેલા આ વાયરલ ઈન્ફેકશનમાં પશુની હોજરી ફાટી જવાની ઘટનાઓ બની રહી છે. આ અંગે ડેરીના તબીબી અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ત્રણથી ચાર પશુઓના મોત હડકવાને કારણે થયા હોવાનું સત્તાવાળાઓમાં ચર્ચાઈ રહ્યું છે. જો કે પશુપાલકો આ વાતનો ઈન્કાર કરતાં એવું કહી રહ્યા છે કે પશુના મુખમાં લાળ ટપકે છે તે ઘાસ કે અન્ય કોઈ પણ પ્રકારનો આહાર લેતી નથી અને બે થી ત્રણ દિવસમાં જ તે મોતને ભેટે છે.

પશુધનમાં ઉદભવેલી આ પરિસ્થિતિ અંગે ડેરી સત્તાવાળાઓનું

ધ્યાન દોરવામાં આવ્યું હોવાનું જણાવતાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે હડકવાનું કહી તબીબો તપાસ કર્યા વિના જ પરત ફર્યા હતા.

પશુધનના અકાળે અવસાન થતાં હોવાથી પશુપાલકોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. ગ્રામજનો મહામુલા પશુધનને બચાવવા માટે હવે સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાનું વિચારી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલે ભાજપા વિધાનસભા પક્ષના નેતાની વરણી

અમદાવાદ, તા.૨૩

ગુજરાત વિધાનસભા ભાજપા પક્ષના નેતાની વરણી માટે નવનિયુકત ૧૧૫ ધારાસભ્યોની ૨૫ ડિસેમ્બરના રોજ ગાંધીનગર ટાઉન હોલ ખાતે બપોરે ૩-૦૦ કલાકે બેઠક મળશે. આ બેઠકમાં ભાજપાના રાષ્ટ્રીય નેતા તેમજ રાજયસભામાં વિપક્ષના નેતા શ્રી અરૂણ જેટલી કેન્દ્રીય નિરીક્ષક તરીકે ઉપસ્થિત રહેશે તેમજ માર્ગદર્શન કરશે.

ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે આ અંગે વિગતોમાં જણાવ્યું છે કે, તાજેતરમાં ગુજરાત વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં ગુજરાતની જનતાએ ભાજપાની મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ચાલી રહેલી વિકાસયાત્રાને સતત ત્રીજીવાર અનેક વિરોધ-વંટોળ સામે અને ગુજરાતને બદનામ કરનારા ગુજરાત વિરોધી તત્વો સામે વ્યાપક સમર્થન આપી ૧૧૫ બેઠકો પર વિજય અપાવ્યો છે તે નવા ચૂંટાયેલા તમામ ધારાસભ્યો આ બેઠકમાં ઉપસ્થિત રહેશે. આ બેઠકને રાષ્ટ્રીય નેતા શ્રી અરૂણ જેટલીજી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુ સહિત અગ્રણીઓ સંબોધન કરશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે, આ બેઠકમાં કેન્દ્રીય નિરીક્ષક શ્રી અરૂણ જેટલીજીની ઉપસ્થિતિમાં ભાજપાના વિધાનસભા પક્ષના નેતા તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીની વરણી કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાના નેતા તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીની ચોથીવાર વરણી થશે.

ચીમનભાઇ અને શંકરસિંહ કરતાં કેશુભાઇને ઓછા મત

જીપીપીને ૯.૯૫ લાખ,બીએસપીને ૩.૪૧ લાખ અને અપક્ષોને ૧૫.૯૪ લાખ મતો હારેલી કોંગ્રેસને ૨૩ લાખ અને જીતેલા ભાજપને ૨૪ લાખ મતો વધારે મળ્યા

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં પ્રાદેશિક પક્ષો ફાવતા નથી તેનું સીધું ઉદાહરણ શંકરસિંહની રાષ્ટ્રીય જનતા પાર્ટી છે. ભાજપના મતોની ટકાવારી વધી છે પણ બેઠકોની સંખ્યા ઘટી છે. ૨૦૦૭ની સરખામણીએ કોંગ્રેસને ૨૩ લાખ મતો વધારે મળ્યા છે, જ્યારે ભાજપને ૨૪ લાખ મતો વધારે મળ્યા છે.

પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલ ૧૯૯૦માં ૭૦ બેઠકો મેળવી ગયા હતા તેથી તેઓ સત્તામાં આવી શક્યા, પણ શંકરસિંહને ચાર બેઠકો મળી હતી, જ્યારે કેશુભાઇને માત્ર બે બેઠકો મળી છે.

ભારતના ચૂંટણી પંચના આંકડા પ્રમાણે ભાજપને ૨૦૦૭માં ૧.૦૭ કરોડ અને કોંગ્રેસને ૮૩.૦૯ લાખ મતો મળ્યા હતા જ્યારે ૨૦૧૨માં ભાજપને ૧.૩૧ કરોડ અને કોંગ્રેસને ૧.૦૬ કરોડ મતો મળ્યા છે.

રાજ્યમાં પ્રથમવાર ચૂંટણી લડી રહેલી પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલની પરિવર્તન પાર્ટીને ૩.૬૩ ટકા એટલે કે ૯.૯૫ લાખ મતો મળ્યા છે જે અન્ય પાર્ટીઓ કરતાં ઘણાં વધારે છે. રાજ્યમાં એનસીપીને ૨.૫૯ લાખ, બીએસપીને ૩.૪૧ લાખ, જેડીયુને ૧.૮૩ લાખ અને સીપીએમને માત્ર ૨૨ હજાર મતો મળ્યા છે.

ભાજપના મતોની ટકાવારી ૪૭.૮૬ ટકા અને કોંગ્રેસને ૩૮.૯૪ ટકા મત મળ્યા છે. ભાજપને આ વખતે બે બેઠકો ઓછી મળી છે. ૨૦૧૨માં ૩,૮૦,૭૭,૪૫૪ મતદારો હતા જે પૈકી ૨,૭૧,૫૬,૯૪૦ મતદારોએ અધિકારનો ઉપયોગ કર્યો છે.

ગુજરાતમાં પ્રાદેશિક પક્ષો ફાવતા નથી તેનું સીધું ઉદાહરણ શંકરસિંહ વાઘેલાની રાષ્ટ્રીય જનતા પાર્ટી છે. ૧૯૯૮માં થયેલી ચૂંટણીમાં રાજપાને ૧૧.૮૫ ટકા મતો મળ્યા હતા અને ચાર બેઠકો મેળવી હતી. ભાજપને ૪૪.૮૧ ટકા મતોમાં ૧૧૭ અને કોંગ્રેસને ૩૪.૮૫ ટકા મતો સાથે ૫૩ બેઠકો મળી હતી.

એવી જ રીતે ૧૯૯૦માં કોંગ્રેસને ૩૦.૭૪ ટકા મતો મળ્યા હતા જે સૌથી વધુ હતા છતાં બેઠકો માત્ર ૩૩ મળી હતી. ચીમનભાઇ પટેલના જનતાદળને ૨૯.૩૬ ટકા મતો મળ્યા અને બેઠકોની સંખ્યા ૭૦ હતી જ્યારે ભાજપને ૨૬.૬૯ ટકા મતોમાં ૬૭ બેઠકો પ્રાપ્ત થઇ હતી.

જો કે કેશુભાઇ પટેલને ચીમનભાઇ અને શંકરસિંહની પાર્ટી કરતાં ઘણાં ઓછા મતો મળ્યા છે. અલબત્ત, ભાજપના મતોની ટકાવારી વધી છે પણ બેઠકોની સંખ્યા ઘટી છે.

કોને કેટલા મત મળ્યા

ભાજપ-	૧,૩૧,૨૨,૫૪૧
કોંગ્રેસ-	૧,૦૬,૭૫,૮૯૧
જીપીપી-	૯,૯૫,૭૪૩
બીએસપી-	૩,૪૧,૬૫૮
એનસીપી-	૨,૫૯,૯૫૭
જેડી યુ-	૧,૮૩,૧૧૪
એસપી-	૭૧,૩૫૧
સીપીઆઇ-	૬,૩૩૯
સીપીએમ-	૨૨,૪૭૩
અપક્ષો-	૧૫,૯૪,૮૮૯

શ્રદ્ધાંજલિ

સ્વ. ચૌધરી પ્રિયલ નરેશભાઈ (ભરતભાઈ)
સ્વ. તા. ૧૯-૧૨-૨૦૧૨ (દશેલા)

સમય જીંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી ?
સૌને હસાવી જનાર અમને રડાવી જશે એ ક્યાં ખબર હતી ?
સમય વિતતો જશે પણ યાદ તમારી સદા હૈયે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

વિ.

ચૌધરી નાથુભાઈ એમ. (જિલ્લા ઉપપ્રમુખ ગાંધીનગર ભાજપ)
ચૌધરી જશુભાઈ રણછોડભાઈ (સેકેટરીશ્રી)
ચૌધરી દિનેશ જેઠાભાઈ (શિક્ષક-રાજપુર હાઈસ્કૂલ)
ચૌધરી પ્રવિણભાઈ રામજીભાઈ
ચૌધરી જશુભાઈ રામજીભાઈ (પહેલવાન)
ચૌધરી ગીરીશ બેચરભાઈ
ચૌધરી વિષ્ણુભાઈ રેવાભાઈ (વેસ્ટન સિઝ્સ)
ચૌધરી જશુભાઈ રણછોડભાઈ (સરપંચશ્રી, દશેલા)
ચૌધરી શિવાભાઈ ગેબાભાઈ (ગોકુલ પરિવાર)
ચૌધરી જશુભાઈ રામજીભાઈ (ડે.સરપંચશ્રી, દશેલા)
પટેલ પિનાકીન એચ. (પીએસઆઈ)
દરજી જિતેન્દ્ર ગોવિંદભાઈ
ચૌધરી કિરણભાઈ રામજીભાઈ

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. દિપકભાઈ રમેશભાઈ રાજપૂત
સ્વ. તા. ૨૪/૧૨/૨૦૦૭
ફર્મ : ગાંધીનગર પ્લાસ્ટીક, સે.૨૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ માર્કાના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT · KISAN · VINAYAK 500 · SANGHI STEEL - ISI · BENELAVE · H.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com